# રતિલાલ 'અનિલ'ની ગઝલોમાં આધ્યાત્મિકતા

વિજય નાડિયા

ભારતીય સંસ્કૃતિ એ દૈવ્ય સંસ્કૃતિ સમાન છે. ભારતીય વૈદિક સાહિત્યમાં 'રામાયણ' અને 'મહાભારત' જેવા મહાકાવ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વેદો, ઉપનિષદો, વેદાંગો, પુરાણો વગેરે સ્વરૂપે વૈદિક સાહિત્ય પથરાયેલું જોવા મળે છે. આ તમામ સાહિત્યનાં કેન્દ્રમાં ઈશ્વર આરાધના કે ધાર્મિક પરંપરા રહેલી છે. આમ, ભારતીય સાહિત્યનાં મૂળમાં આધ્યાત્મિકતા રહેલી છે. ભારતીય સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર પ્રસાર કરીને આત્મસાક્ષાતકાર તેમજ જગતની અશક્તતા અને ઈશ્વર સ્મરણ કરીને ઈશ્વરમય બનવાની પરંપરા હતી.

ગુજરાતી સાહિત્યની શરૂઆત પણ આધ્યાત્મિક પરંપરાથી થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નરસિંહ, મીરાં, દ્વારા કૃષ્ણભક્તિ સાથેનો એકાકાર સાધવાનો પ્રયત્ન થયો છે. ત્યારબાદ અખા દ્વારા શુધ્ધ જ્ઞાનની ગંગા વહાવીને સાચો આધ્યાત્મિક માર્ગ બતાવી આપ્યો છે. તો પ્રેમાનંદ દ્વારા મનોરંજન સાથે આધ્યાત્મિક જ્ઞાનનું રસપાન થયું છે. શામળની પધ્યવાર્તાના વિષય પણ ધાર્મિક જ હતા. મધ્યકાલીન સાહિત્યનો છેલ્લો કવિ દયારામ પણ ગોપીભાવે પોતાના સાહિત્યનું ગાન કરે છે. આમ, સમગ્ર મધ્યકાલીન સાહિત્યમાં આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં વિદેશમાંથી વિવિધ સાહિત્ય સ્વરૂપો ભારતીય સાહિત્યમાં અવતરવા લાગ્યા હતા. આ સાહિત્ય સ્વરૂપોમાં એક સાહિત્ય સ્વરૂપ તે ગઝલ છે. ગઝલની શરૂઆત બાળાશંકર કંથારિયા, મણિલાલ ત્રિવેદી, કલાપી વગેરે દ્વારા થઈ હતી. આમની ગઝલોના વિષયો તપાસતાં તેના કેન્દ્ર સ્થાને ઈશ્વર અને આધ્યાત્મકતા રહેલી નજરે પડે છે. આમ, ગઝલમાં તેના પ્રકાર પ્રમાણે પ્રિયતમાં તરફનો ભાવ અને ઈશ્વર તરફનો ભાવ જોવા મળે છે. ગુજરાતી ગઝલોમાં માનવીય પ્રેમ, પ્રકૃતિ, ઈશ્વર, સંબંધિત, આધ્યાત્મ, જીવન ઝરમર જેવાં વિષયોને વધારે પ્રમાણમાં કેન્દ્રમાં રાખીને સાહિત્યનું આલેખન થયું છે. આમ, સાહિત્યનાં મૂળમાં અને એનાં વિકાસમાં મૂળભૂત રીતે તો આધ્યાત્મિકતા જ રહેલી છે.

રતિલાલ 'અનિલ' દ્વારા તુલસી અને ડમરો, અલવિદા, રસ્તો જેવાં ત્રણ ગઝલ સંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની તમામ ગઝલોમાંથી પસાર થઈને તેમનાં ભાવવિશ્વને તપાસતાં તેમની ગઝલોમાં આધ્યાત્મિકતા તેમજ આત્મસાક્ષાત્કારની અને ઈશ્વર સાંનિધ્યની રજૂઆત કરતાં અનેક શેરો જોવા મળે છે. તેમાંથી કેટલાંક નમૂનારૂપ શેર આસ્વાદ સાથે અહિં રજૂ કરીને તેમની ગઝલોમાં આધ્યત્મભાવ તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભાવનાઓ-કલ્પનાઓ, ઊર્મિઓ, તર્કો, 'અનિલ'
મારા દિલ મનમાં ઊઠયાં ઈન્સાનથી ઈશ્વર સુધી.
'રસ્તો' (પૃ-૪)

ઉપરનાં શેરમાં ઈન્સાનથી ઈશ્વર સુધી જેવાં શબ્દ દ્વારા કવિ અનંત યાત્રાનો આભાસ કરાવે છે. જે ભાવનાઓ, કલ્પનાઓ અને તર્કો માનવી માટે કરવામાં આવે છે. તેજ ભાવના, કલ્પના અને તર્કો કવિના હૃદયમાં ઈશ્વર માટે પણ અનુભવાય છે. આમ, કવિ માનવ માત્રમાં ઈશ્વરીય અંશનો સ્વીકાર કરે છે. માનવ અને ઈશ્વર વચ્ચે કોઈ ભેદ તેમને જોવા મળતો નથી. તેઓ આત્માની વાત કરે ત્યારે કંઈક અલગ ભાવ લઈને આવે છે.

આત્માના ઉડ્ડયનને મળે કોઈ દિવ્ય આભ,
એવી જ મારે કાજ સજા હોઈ જોઈએ.'રસ્તો' (પૃ-૧૦૧)

કવિ પોતાના જીવનની કલ્પના વિહરતાં હોય એવું આ શેરમાં અનુભવાય છે. પોતાના આત્માને 'દિવ્ય આભ' એટલે કે પરમતત્વનું પરમપદ પ્રાપ્ત થાય તેવી જીવન સંધ્યાની અપેક્ષા રાખે છે. કવિ અહિંયા 'મારે કાજે સજા હોવી જોઈએ' જેવી શબ્દ પદાવલી દ્વારા આત્મસાક્ષાત્કારની ઝંખના અનુભવે છે. પોતે પોતાનો આત્મા દિવ્યાત્મા જઈ ભળે તેવી ઈશ્વર પાસે સજા માગે છે. અને જયારે ઈશ્વર સાક્ષાત્કાર થાય ત્યારે કેવી નોખી વાત કરે....

સ્વર ને વ્યંજન, વ્યંજન ને સ્વર,
ભ્રમનો ઈશ્વર, તે બ્રહ્માક્ષર.'રસ્તો' (પૃ-૧૫૯)
અક્ષરનો ભ્રમ, ભ્રમનો અક્ષર,
સાક્ષરનો ભ્રમ, ભ્રમનો સાક્ષર.'રસ્તો' (પૃ-૧૫૯)

આત્મસાક્ષાત્કાર એ આધ્યાત્મિક પરંપરાનું સર્વોત્તમ શિખર છે. પરંતુ ત્યાં સુધી પહોંચવા માટે ખુબ મુશ્કેલ રસ્તાઓનો સામનો કરવો પડે છે. ઈશ્વરને પ્રાપ્ત કરવા પ્રભુ સ્મરણ કરવા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ આત્મસાક્ષાત્કારની અનુભૂતિ થાય છે. અહિંયા કવિ સ્વર, વ્યંજન સાથે ભ્રમને જોડીને બ્રહ્માક્ષર કહે છે. અહિંયા મૂળભૂત રીતે બ્રહ્મને જાણવાનું ઈજન છે. તો વળી આ નાશવંત દેહમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તે પણ એટલું જ મહત્વનું છે. તેથી કવિ બ્રહ્મનો બ્રહ્માક્ષર અને બ્રહ્મનો સાક્ષર જેવી વાત કરીને ઈશ્વર સમીપતા તરફ અંગૂલી નિર્દેશ કરે છે.

વૈરાગ્યને આ રાગના, કીમિયાની શી ખબર,
હસતા રહીને કેટલું ત્યાગી જવાય છે !'અલવિદા' (પૃ-૩૯)

જીવનમાં ત્યાગ એ ખુબ જ મુશ્કેલ બાબત છે. પરંતુ કવિએ અહિંયા વૈરાગ્યના રસ્તાને ખુબ સરળ સમજાવ્યો છે. તેમને વૈરાગ્યના રસ્તાને કિમિયા સાથે સરખાવ્યો છે. તેઓ કહે છે કે હસતાં-હસતાં ઘણું ત્યાગી જવાય છે. આ શેરમાં જીવનની વાસ્તવ પરિસ્થિતિ પણ બયાન થઈ છે. હસતાં-હસતાં જેનો ત્યાગ થઈ શકે છે તેના તરફ વધારે લગાવ હોવા છતાં હોતો નથી એવું અનુભવાય છે.

તારા ગૌરવનો હતો પૂરો ખયાલ,
પ્રાર્થનાઓથી મનાવ્યો છે તને. 'અલવિદા' (પૃ-૮૪)

પ્રાર્થના એ ઈશ્વર તરફ જવાની પવન પાવડી છે. પ્રાર્થના દ્વારા ઈશ્વરને પામી શકાય છે. તે વાતની પ્રતિતી કરતો આ શેર ખુબ ગહન વાતને સહજ રીતે સમજાવે છે. ઈશ્વરના ગૌરવની વાત કરીને કવિ ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના આવશ્યક અંગ છે તેવું જણાવે છે. ઈશ્વરનું ગૌરવ એ પ્રાર્થના દ્વારા કરે છે.

'અનિલ' મંદિરનાં દ્વારોને તમે તો ખોલી નાખો, પણ
કદી પોતે થઈને બ્હાર જગનો તાત નીકળશે ?
'અલવિદા' (પૃ-૧૦૦)

મંદિર એ આધ્યાત્મિક જીવનની ચાવીરૂપ સંસ્થાઓ છે. મંદિર એ અસ્થાનું ધામ છે. કવિ મંદિરને અને ઈશ્વરને કેન્દ્રમાં રાખીને ઉપરનાં શેરમાં પોતાની જાતને સમજાવતો શેર રજૂ કર્યો છે. મંદિરના દ્વાર ખુલ્લાં હોય કે બંધ તેમાંથી ઈશ્વરને કોઈ ફેર પડતો નથી. ઈશ્વર તો નિરાકાર છે, નિરંજન છે. ઈશ્વર ખુદ જગતનો તાત છે, માનવી દ્વારા મંદિરને વાખવાથી કે ખોલવાથી ઈશ્વર અંદર કે બહાર થઈ જતો નથી. પરંતુ ઈશ્વર સ્વયં આ જગતનો પાલનહાર પિતા છે.

મારામાં તુ વસી રહ્યો એ વાત સત્ય હોય તો,
મારા પતનને કાજ હા, તું યે જવાબદાર છે !
'ડમરો અને તુલસી' (પૃ-૬)
શ્રધ્ધાનો સાથ સાંપડયો ધર્મિષ્ઠાને ભલે,
નાસ્તિકને ય તર્કનો આધાર હોય છે !
'ડમરો અને તુલસી' (પૃ-૧૦૬)

ઈશ્વર અત્ર તત્ર સર્વત્ર વસેલો છે. તમામ પ્રાણી માત્રમાં અંતરયામી રૂપે સ્વયં ઈશ્વર વસવાટ કરે છે. તેવું શ્રીમદ્ ભગવતગીતામાં સ્વયં ભગવાન કૃષ્ણ ઉચ્ચારે છે. તે વાતના અનુસંધાનમાં કવિએ ઉપરનો પ્રથમ શેર રજૂ કર્યો છે. ઈશ્વર પોતાનામાં વસવાટ કરે છે તેવું કવિ માને છે. તો સાથે-સાથે કવિ પોતે પોતાના પતન માટે ખુદ ભગવાન જ જવાબદાર હોય એવો આરોપ પણ ભગવાન પર લગાવે છે. આમ પોતાનામાં ઈશ્વરનો વાસ છે એ વાતને સત્ય સ્વીકારવા માટે જે પણ ઘટના બને છે તે તમામ માટે ખુદ ઈશ્વર તત્વ હોવાનું તે માને છે. બીજા શેરમાં શ્રધ્ધાની અને તર્કને એકબીજા સાથે જોડીને બે બાબતનું બયાન કરે છે. શ્રધ્ધા ધરાવનાર માણસ ધાર્મિક અને આસ્તિક બને છે. અને તે દરેક બાબતને શ્રધ્ધાથી સ્વીકારીને ચાલે છે. તમામ બાબતોમાં ઈશ્વરીય શ્રધ્ધા નિહાળે છે. જયારે નાસ્તિક તમામ બાબતોને તર્કના આધારે મૂલવે છે. આમ, કવિએ આસ્તિક અને નાસ્તિક બંનેને શ્રધ્ધા અને તર્ક દ્વારા અલગ તારવી બતાવ્યા છે.

મને અણસાર એક જ વીજનો ચમકાર આપે છે,
જઈને જયોતિ લોકે તેજનો અંબાર શું શોધું !
'અલવિદા' (પૃ-૧૫૦)

કવિ ગંગાસતીનાં 'વીજળીનાં ચમકારે મોતીડાં પરોવો' ભજનની કડી યાદ કરાવી આપે છે. ખુબ જ ઉત્તમ પ્રકારની વાતને કવિ ઉપરનાં શેરમાં રજૂ કરે છે. માત્ર એક વીજળીના ચમકારાથી ઈશ્વરનો અણસાર તેમને મળ્યો છે, તેવું કવિ સૂચવે છે. પછી તેઓ જયોતિધરાના અંબાર શોધવા માટે નિકળવાની ના પાડે છે. ઈશ્વર સાક્ષાત્કાર એક માત્ર એક ક્ષણ માત્રની અવસ્થા છે. એ ક્ષણ ઈશ્વરનાં સાંનિધ્યને આપણી સમક્ષ લાવી મૂકે છે. જેને એકમાત્ર પળની અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે, તે શા માટે પછી અલગ-અલગ જગ્યાએ ભટકે, આમ, કવિ એક ક્ષણને આકાર કરવાની મજા અહિંયા આલેખે છે.

આમ, કવિએ ઈશ્વરને કેન્દ્રમાં રાખીને આત્મસાક્ષાત્કાર, ઈશ્વર સાંનિધ્ય, ઈશ્વર સમીપતા અને ઈશ્વર અનુભૂતિનું આલેખન કર્યું છે. ઈશ્વર ઝંખનાને ક્ષણ માત્ર ની અનુભૂતિ તેમજ આસ્તિક અને નાસ્તિક, શ્રધ્ધા અને તર્ક દ્વારા તફાવત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમના ઉપરના શેરોમાં ઈશ્વર એ સર્વોપરી છે. વાતની સાથે-સાથે માનવી પણ તેનું તત્વ હોવાથી અલગ અસ્તિત્વ ધરાવે છે, તેવુ સૂચવે છે. આ ઉપરાંત માનવમાત્રમાં ઈશ્વરનો વાસ અને તમામ પરિસ્થિતિ માટે ઈશ્વર જવાબદાર છે તેવું એમની ગઝલોમાંથી અનુભવાય છે. આ

જગનાં સર્જનનું અને વિનાશનું કારણ ઈશ્વર છે, આ જગત ઈશ્વર સંચાલિત છે, તમામ પરિસ્થિતિઓમાં ઈશ્વરનું નિયંત્રણ છે, તેવી તમામ બાબતોને આધ્યાત્મિકતાની દષ્ટિએ અહિંયા આલેખી છે.

આમ, રતિલાલ 'અનિલ'ની ગઝલોમાં ભગવી આધ્યાત્મિકતાના દર્શન થાય છે. તેમજ કયારેક શૂન્યવસ્થા તો કયારેક વિરાટ અવસ્થાનું દર્શન થાય છે. આમ, આધ્યાત્મિકતા એ ગઝલનો એક આખો પટ વિસ્તાર બની જાય છે.

ડમરો અને તુલસીનાં પૃષ્ઠ નં-૮ પર ચુનીલાલ વર્ધમાન શાહનાં એક લેખમાં 'અનિલની કવિતા' માં આધ્યાત્મિકતા વિશે નોંધે છે કે - જગતમાં માનવીના જીવનની દુર્લભતા તો જૂના વખતથી કવિઓ ગાતા આવ્યા છે, પરંતુ એમનો ઉપદેશ એ છે કે માનવજીવન ફરીથી મળવાનું નથી, માટે પ્રભુને ભજો, પુણ્ય કરો, સત્કાર્યો કરો, ઈત્યાદિ કે જેથી જન્મ મરણના ફેરા ટાળે અને સ્વર્ગપ્રાપ્તિ થાય કે આત્માને મુક્તિ મળે. પણ 'અનિલ' ને ન તો ઈશ્વર થવું છે, ન તો સ્વર્ગ જોઈએ છે, ન તો ભગવાનને ભજવા છે, ન તો મુક્તિ જોઈએ છે : તેને જોઈએ છે માનવત્વ અને તેમાં જ ચિંતનમાં તેણે તેને અનેક પાસાંથી તપાસ્યું છે, તેની મૂલ્ય આંકણી કરી છે અને તે બીજાઓ સમક્ષ ગાઈ સંભળાવી છે.''

સંદર્ભસૂચિ

૧. 'ડમરો અને તુલસી', રતિલાલ'અનિલ'
૨. 'ચાંદરણા', સંપા. શરીફા વીજળીવાળા